

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*પ્રેમ, વાત્સલ્ય ને લાગણી વેચાતાં રહે છે,*
*ને હૈયાં ઉદ્વેગના ટ્રેસે ખેચાતાં રહે છે.*
*પેચાતા રહે છે પ્રસંગો દંભના દોરથી -*
*બહેરા કાન આડે નેત્રો મિંચાતાં રહે છે*

### હાઈકુ

*હેતુ અનેક,*
*મનોરથ કથામાં -*
*થયાં સફળ...*
*(શ્રદ્ધા-ભક્તિનો આનંદ)*

*રામ-મિલાપે*
*'ભરત' ગાદી છોડી -*
*ગયા વનમાં...*
*(શ્રી ભરત કવિ, મિત્રોના હૃદયની ગાદી છોડી ગયા)*

### ચિંતન

**બહ્વાશી સ્વલ્પસન્તુષ્ટઃ સુનિદ્રો લઘુવેતન : ।**
**સ્વામિભક્તશ્ચ શૂરશ્ચ ષડેતે શ્વાનતો ગુણાઃ ॥**

**ઉપરોક્ત શ્લોક ચાણક્યનીતિમાંથી લેવામાં આવેલ છે.**

**જયારે ભોજન મળે ત્યારે પેટ ભરીને જમી લેવું અને ભોજન ન મળે ત્યારે થોડા ભોજનથી સંતુષ્ઠ રહેવું. સારી ઊંઘ લેવી, પરંતુ થોડો સળવળાટ થતાં જ જાગી જવું. સ્વામી પ્રત્યે સંપૂર્ણ વફાદારી દેખાડવી અને લડવામાં જરા પણ ગભરાવું નહીં. આ છ ગુણ વ્યક્તિને કૂતરા પાસેથી શીખવા જોઈએ.**

**અહીં સમયસૂચકતા, સંતોષ, આરોગ્ય પ્રત્યેની સભાનતા, સાવધાની, વફાદારી, નીડરતા જેવા ગુણોથી આપણને વાકેઓફ કરવામાં આવે છે. ઉપર મુજબના ગુણો ધરાવતી વ્યક્તિ જીવનમાં ઓછી મુશ્કેલીઓ વેઠી વધારે સરળતાથી અને સફળતાથી જીવી શકે છે. એક પૂર્ણ જીવન તરફની ગતિ એટલે આ છ ગુણોનું આચરણ.**

### સુવિચાર

- જેમ સાધ્ય સાથે સિદ્ધિ બંધાયેલી છે, તેમ પુરુષાર્થ સાથે નસીબ બંધાયેલું છે. જે પુરુષાર્થ કરીને નસીબને ઓળંગી જવા ઈચ્છે છે તે માણસ આ દુનિયામાં દુઃખી થતો નથી - **સંસ્કૃત સુભાષિત**
- ધાર્મિક બનવાનો અર્થ છે માણસ ધીરજવાન બને - **મોરારિ બાપુ**
- ઈશ્વરને રાજી કરવાના તમામ ઉપાયો શાસ્ત્રોમાં છે,
  પણ લોકોને રાજી કરવાનો એક પણ ઉપાય શાસ્ત્રોમાં નથી - **માનસ મંથન**
- વર્તન બાબતે કરેલો પશ્ચાતાપ વર્તન સુધારનાર સાધન છે - **પૂજ્ય મોટા**
- અસત્યનો સહારો લઈને જો સ્વર્ગ મેળવશો તો તમારી ભવિષ્યની પેઢીઓ નરકગામી બનશે.
  માટે સત્યનો આશરો સ્વીકારો - **વિદુરનીતિ**
- જો તમે બહાના બાજી કરવામાં માહેર છો, તે દેખીતી રીતે તમે તમારા જ દુશ્મન છો - **તરુણ સાગરજી**
- આજનું ઔષધ : સૂંઠ, જીરું અને સિંધવનું ચૂર્ણ દહીના મઠામાં મેળવી, જમ્યા પછી લેવાથી હરસ-મસા મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

સાચા સંત રાજાના દરબારમાં જ્ઞાનની ચર્ચા કરતા બેઠા હતા ત્યાં એમનો એક શિષ્ય આવ્યો. એણે ફરિયાદ કરતાં કહ્યું, 'અહીંના વેપારી તો બહુ ખરાબ છે. જયારે હું આ સિક્કો લઈને સામાન ખરીદવા ગયો તો તેમણે કહ્યું કે તારો સિક્કો ખોટો છે. પણ તું સંતનો શિષ્ય છે એટલા માટે અમે તમને છોડી દઈએ છીએ. નહીં તો તને આ અપરાધનો બહુ મોટો દંડ મળત.' રાજાએ સિક્કો હાથમાં લઈને પૂછ્યું, 'આ સિક્કો તને કોણે આપ્યો ? શું તને અમારા કાયદાની ખબર નથી? આવો ખોટો સિક્કો ચલાવનારને હું સખતમાં સખત દંડ કરું છું. હું જાણું છું કે આ સિક્કો તમે તો નથી જ બનાવ્યો. પણ આ સિક્કો તારી પાસે કયાંથી આવ્યો તે મને કહે.' સંતે રાજાને કડક થતા જોઈ એમને રોકતા કહ્યું, 'મહારાજ, આ સિક્કો ખોટો હોય તો શું થયું, તેના પર રાજાની છાપ તો આંકેલી જ છે ને!!' રાજાએ કહ્યું, 'મારો સિક્કો સાચો હોવો જોઈએ. મારી છાપ હોય તો પણ ખોટો સિક્કો બનાવવો અને ચલાવવો મારા રાજયમાં બહુ મટો અપરાધ છે!' સંત રાજાને કડક થતા જોઈ એમને રોકતા કહ્યું, 'મહારાજ, આ સિક્કો ખોટો હોય તો શું થયું, તેના પર રાજાની છાપ તો આંકેલી જ છે ને !' રાજાએ કહ્યું, 'મારો સિક્કો સાચો હોવો જોઈએ. મારી છાપ હોય તો પણ ખોટો સિક્કો બનાવવો અને ચલાવવો મારા રાજયમાં બહુ મોટો અપરાધ છે!!' સંતે કહ્યું, 'રાજન, તમારું, શાસન પણ અન્યાયથી સંપૂર્ણ રીતે મુક્ત નથી. તમે નિરપરાધને સજા આપી ચૂકયા છો. યુદ્ધના નામે રક્તપાત કરો છો. આ બધા પ્રસંગો શું ખોટા સિક્કા ચલાવવા સમાન અપરાધ નથી.' રાજાએ પૂછ્યું 'તો હવે મારે શું કરવું જોઈએ ?' સંતે કહ્યું, 'તમારે શાસન યોગ્ય રીતે ચલાવવું જોઈએ જયારે એવું થઈ જશે ત્યારે તમારા શાસનમાં ખોટા સિક્કા ખતમ થઈ જશે.' સંતની વાત રાજાને સમજાઈ અને રાજાએ પોતાની આસપાસના ખોટા સિક્કાઓને શોધી કાઢી દૂર કરવાનું અભિમાન શરૂ કર્યું.

# બિહામણું બની રહેલું વિરોધ પ્રદર્શન

### તંત્રીસ્થાનેથી...

ધાર્યા કરતાં નાગરિકતા સંશોધન કાનૂન સામેનું આંદોલન વધુ ઉગ્ર બની રહ્યું છે. આગની જેમ એ ભારતના ઘણા મોટા ભાગ પર ફેલાઈ ચૂક્યું છે જેને સંયમિત કરવા માટે કેન્દ્ર સરકારને બળપ્રયોગ ઉપરાંત ઈન્ટરનેટ સેવાઓ પર પ્રતિબંધ જેવાં અણગમતાં પગલાં લેવાં પડ્યાં છે. કેન્દ્ર સરકાર સામેનો ગોરંભાઈ રહેલો ઘૂંઘવાટ માત્ર મુસલમાનો પૂરતો જ મર્યાદિત નહીં રહેતાં બૌદ્ધિકોની સક્રિય સામેલીગરીમાં પરિણમ્યો છે. ઈતિહાસકાર રામચંદ્ર ગુહા, સેફલોજિસ્ટ યોગેન્દ્ર યાદવ અને ધારાશાસ્ત્રી પ્રશાંત ભૂષણ જેવા પ્રખર બૌદ્ધિકો મેદાનમાં ઊતરી આવ્યા છે. કોંગ્રેસનાં સર્વોચ્ચ નેતા સોનિયા ગાંધીએ તક ઝડપી લીધી છે તો વળી સામ્યવાદી નેતા સીરાયામ યેચુરી અને મુસ્લિમ લીગના આગેવાનો 'ફાઈટ યુ ફિનિશ' જેવી લડાયક વૃત્તિ સાથે આંદોલનકારીઓને સાથ આપી રહ્યા છે. માયાવતીએ શરૂથી જ આંદોલનને સમર્થન જાહેર કર્યું છે અને ભીમ મોરચાના નેતાએ જામા મસ્જિદથી જંતરમંતર સુધી કૂચ કરવાનું એલાન કરી દલિતો મુસલમાનોની સાથે હોવાનો સંકેત આપી દીધો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઝારખંડની ચૂંટણી સભાઓમાં જઈને વિપક્ષોને અને સવિશેષ કોંગ્રેસને તર્કહીન પડકારો આપતા રહ્યા : તાકાત હોય તો બધા પાકિસ્તાનીઓને ભારતની નાગરિકતા આપી બતાવો ! પરંતુ એવા પડકારોની જનસાધારણ પર કોઈ ખાસ અસર થઈ લાગતી નથી. ઝારખંડની ચૂંટણીના મતદાન પછીના ઍક્ઝિટ પોલમાં ભાજપની પોલ ખૂલી જતાં વરતાય છે. એક સાંધતાં તેર તૂટે એવી વિકટ પરિસ્થિતિમાં મુકાઈ ગયેલા વડાપ્રધાન મૂંઝાયેલાં લાગે છે. જનતાનો ગુસ્સો હવે એમને પણ અકળાવી રહ્યો છે. ખુદ એમના સાથી પક્ષોએ પોતપોતાના રાજયોમાં નેશનલ રજિસ્ટર ઓફ સિટીઝન્સ કે નાગરિકતા સંશોધન ધારાનો અમમલ કરવાની ઘસીને ના પાડી દીધી છે. નીતીશ કુમારે અને એમની પાર્ટીના ઉપાધ્યક્ષ પ્રશાંત કિશોરે આ મુદ્દે સ્પષ્ટ નિવદેનો કર્યા છે. પંજાબમાં અકાલી દળ પણ આ કાયદાના અમલીકરણની વિરુદ્ધ છે. શિવસેનાના નેતૃત્વવાળી ઉદ્ધવ સરકારે તો ઊલટાની મુંબઈમાં જનઆંદોલનને સહયોગ આપ્યો હિંદુત્વના પ્રખર પુરસ્કર્તા શિવસૈનિકોથી લઈ બોલીવુડ આખું આજે મુસલમાનો પ્રત્યે કરાઈ રહેલ પક્ષપાતના વિરોધમાં કેન્દ્ર સરકારની સામે આંખો કાઢતું થઈ ગયું છે. દિલ્હી રાજયના ચૂંટણીના શ્રીગણેશ પણ જદયુના ઉપપ્રમુખ પ્રશાંત કિશોરે કરાવ્યા છે અને કેજરીવાલને ફરીવાર શાસનની ધુરા આપવાનો વ્યૂહ ઘડી કાઢ્યો છે. ભાજપના ચાણક્ય તરીકે અત્રતત્ર સર્વત્ર વખણાતા રહેલા અને મોદીના રાજકીય વારસ તરીકે ઊપસી રહેલા ગૃહમંત્રી અમિત શાહે નાગરિકતા સંશોધન કાનૂન અને નેશનલ રજિસ્ટર ઓફ સિટીઝન્સ જેવા બેઉ હિંદુત્વવાદી ઉપક્રમોનો ખોંખારીને બચાવ કર્યો છે, પણ અંદરથી તેઓ પણ હચમચી ગયા છે. જે પ્રચંડ આંદોલન ઊભું થયું છે એની સામે બળ વાપરવા જતાં લોકપ્રિય સરકારની બંધ મૂઠી ઊઘડી જવાનો ભય રહેલો છે. ઉત્તરપ્રદેશ કે જયાં ભાજપની સરકાર છે અને દેશના સૌથી મોટા રાજય તરીકે જયાંથી સૌથી મોટી સંખ્યામાં સાંસદો ચૂંટાઈને આવે છે ત્યાં આંદોલન હિંસક બન્યું છે. આઠ આંદોલનકારોનાં મોત ગોળીબારથી નીપજ્યાં છે. કર્ણાટકમાં પણ બે મોત નોંધાયા છે. જો આ જ સ્થિતિ આગળ વધશે તો દેશમાં બે કોમો વચ્ચે ગોધરાકાંડ પછીની પરિસ્થિતિ સરજાશે - એવી ધમકી પણ ભાજપના અંતરંગ વર્તુળો તરફથી વહેતી થઈ છે. ટૂંકમાં દેશ ફરી એકવાર કટોકળી અને વિભાજન જેવી આફતમાં સપડાઈ રહ્યો છે. ૨૦૨૦નો ઊગતો સૂરજ દેશ માટે સુભગ સંદેશ લઈ આવે એવી અભ્યર્થના !

# પુસ્તકની સાથે સામાન્ય જ્ઞાનનું જીવનમાં મહત્ત્વ



### રંગ-ઉમંગ

કાનન ઓઝા

સામાન્ય જ્ઞાન એટલે માનવજીવનના દરેક પાસાનું જ્ઞાન કે જે શૈક્ષણિક અભ્યાસનો ભાગ હોય કે ન હોય સામાન્ય જ્ઞાનની ઘણી શાખા છે. જેમ કે વર્તમાન પ્રવાહો, ફૅશન, સ્વાસ્થ્ય, આર્ટસ, વિજ્ઞાન, રમતગમત, સંસ્કૃતિ, રાજકારણ, ફિલ્મ, ઈતિહાસ, ભૂગોળ, કલા વગેરે સામાન્ય જ્ઞાન એ માનવીય જીવનનું અગત્યનું પાસું છે. આપણી આસપાસ બનતી ઘટનાઓ કે સામાન્ય બાબતોથી વિશે જો આપણી પાસે થોડું જ્ઞાન ન હોય તો આપણો સમાવેશ મૂર્ખ વ્યક્તિમાં થાય. ઉપરાંત આપણે તંદુરસ્ત ચર્ચામાં ભાગ નહીં લઈ શકીએ. આપણે આપણોમત નહીં દર્શાવી શકીએ. બીજા શું કહે છે. તે પણ ઊંડાણપૂર્વક સમજી નહીં શકીએ. યોગ્ય નિર્ણય લેવામાં મુશ્કેલી પડશે. બીજા વ્યક્તિને સલાહ પણ નહીં આપી શકીએ. સમૂહમાં બેઠા હોય પણ એકલા અટૂલા પડી જઈશું. સામાન્ય જ્ઞાનનું આપણા જીવનમાં ખૂબ જ મહત્ત્વ છે. આપણામાં સામાન્યજ્ઞાન પૂરતા પ્રમાણમાં હશે તો દરેક ક્ષેત્રમાં આપણી જીતની શક્યતા વધી જાય છે. સમૂહના લોકો આપણને માનની નજરે જુએ છે. વિવિધ વિષયના સામાન્યજ્ઞાનના કારણે આપણું વ્યક્તિત્વ નીખરી ઊઠે છે. લોકો આપણો સમાવેશ બુદ્ધિશાળી વ્યક્તિમાં કરે છે. લોકો આપણી પાસે સલાહ લેવા દોડી આવે છે. જૂના કારણે સમાજમાં આપણા માન મોભો વધે છે. વિદ્યાર્થીઓ, ગૃહિણી, નિવૃત્તિ વ્યક્તિ, વ્યવસાયિકો, નોકરિયાતો, ઉદ્યોગો ને માલિકી હોય કે નોકર હોય દરેકને સામાન્ય જ્ઞાન પોતાના ધંધામાં અને જીવનમાં સફળતા અપાવે છે, સામાન્ય જ્ઞાન આપના વૈયક્તિક અને સૈદ્ધાંતિક વિકાસ કરવામાં મદદ કરે છે. સામાન્ય જ્ઞાન દુનિયાને જોવાની, સમજવાની અને વિશ્લેષણ કરવાની સૂઝ આપે છે. સામાન્ય જ્ઞાન આત્મવિશ્વાસ વધારવામાં મદદ કરે છે અને આપણા જીવનની અગત્યની ઘટના દરમિયાન મદદરુપ થાય છે. જેમ કે ઈન્ટરવ્યુ, આપનામાં જો સામાન્ય જ્ઞાન હશે તો આપણે ગમે ત્યાં, ગમે ત્યારે ગમે તેની સાથે તે વિષય પર ચર્ચા કરી શકો છો. આપણામાં રહેલું જ્ઞાન આપણને કુશળ બનાવે છે. જેને કારણે અન્યના મનમાં એવી છાપ પડે છે કે તમે કંઈક છો. આમ આપણી આજુબાજુ રહેવા લોકો પર વર્ચસ્વ જમાવવા અને છાપ છોડવા સામાન્ય જ્ઞાન ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવે છે. વિદ્યાર્થીઓ માટે તો શાળા કે કૉલેજમાં ક્વિઝની સ્પર્ધામાં વિજય મેળવીને અન્ય વિદ્યાર્થીઓ અને શિક્ષકોના મનમાં આદરની લાગણી ઊભી કરવાનો મોકો સામાન્ય જ્ઞાન જ આપી શકે છે. અત્યારના સમયમાં નોકરી વાચ્છું ઉમેદવાર માટે સામાન્ય જ્ઞાન અત્યંત જરૂરી બની ગયું છે. નોકરી મેળવવા માટે પણ સામાન્ય જ્ઞાનની પરીક્ષા સ્પર્ધાત્મક આપવી પડે છે. જો ઓછા માર્કસ આવે તો તેમને સામાન્ય જ્ઞાનની પરીક્ષામાં વધારે માર્કસ લાવીને સ્પર્ધામાં ઊભો રહે છે. નોકરીમાં ઈન્ટરવ્યુમાં મોટે ભાગે વર્તમાન પ્રવાહો અને ચોક્કસ બાબતોમાં તેમના વિચારો વિષયક પ્રશ્નનો પૂછવામાં આવે છે ત્યારે સામાન્યજ્ઞાન આધારે ઉમેદવાર ઈન્ટરવ્યુ લેનારના મનમાં હકારાત્મક છાપ છોડીને નોકરી મેળવવામાં સફળ થાય છે.

વિવિધ સમૂહ સાથેના વાર્તાલાપના વિષયના જુદા જુદા હોય છે. જેમ કે શાળાના વિદ્યાર્થીઓ, કૉલેજના સોસાયટીના, મોહલ્લાના સભ્યો, નાની નોકરી કરતા માણસો, નોકરી કરતી મહિલા -ગૃહિણી વગેરે જગ્યાએ રહેલા વ્યક્તિના રસ સમાન હોતા નથી. ત્યારે જૂથ સાથે વાત કરવામાં સામાન્ય જ્ઞાનની જરૂર પડે કે તેના દ્વારા આપણને તેમની સમકક્ષ બનાવે તે વાત કરવામાં મદદરુપ થાય છે. પરિણામ સ્વરુપ આપણું વ્યક્તિત્વ વધારે સામાજિક બને છે.

સામાન્ય જ્ઞાનનું મહત્ત્વ જાણ્યા પછી સૌ વ્યક્તિ સામાન્ય જ્ઞાનમાં વધારો કરવાનું વિચારશે, તો સામાન્ય જ્ઞાન વધારવા માટે શું કરવું જોઈએ? તે માટે સૌપ્રથમ વાંચન વધારવું જોઈએ. વિવિધ પ્રકારના પુસ્તકો સામયિકો, અને સમાચાર પત્રો વાંચવા જોઈએ. જયારે તક મળે ત્યારે એકલા ન બેસવું. વિવિધ સમૂહ અથવા તો વ્યક્તિ સાથે બેસવું. આ રીતે વિવિધ પ્રકારના વિષય પર વાર્તાલાપ થશે. જેમાં આપણા વિચારો વ્યક્ત કરવા અને બીજાના વિચારો ને સાંભળવા. માત્ર આપણે જ બોલબોલ ન કરતા બીજાને પણ બોલવાની તક આપવી. વિવિધ બાબતો વાંચન દ્વારા કે સાંભળીને કે જોઈને જાણવા મળે છે અને જયારે જે બાબતની નોંધ કરવા જેવી લાગે તે અવશ્ય નોંધ કરવી. વિવિધ માધ્યમો સામાન્ય જ્ઞાન વધારવામાં ખૂબ જ અગત્યના થઈ પડે છે. જેમ કે સમાચારપત્રો, ટેલિવિઝન, ફિલ્મ વગેરે જેવો યોગ્ય રીતે યોગ્ય પ્રમાણમાં ઉપયોગ કરવાથી જ્ઞાનની સાથે મનોરંજન પણ વધે છે.



# મૃત્યુ એ પ્રેમ અને સદભાવનો અંતિમ ઉત્સવ છે



### મોરપીંછના રંગ

ડો. કનૈયાલાલ ભટ્ટ

મૃત્યુ એ જીવનનું અંતિમ સત્ય છે. છતાંય આ સત્યને આપણે સ્વીકારી શકતા નથી. કેમ કે આ સત્ય જ્યારે આપણી સામે આવે છે ત્યારે એ વ્યક્તિના અનેક સકારાત્મક સંસ્મરણો લઈને આવે છે. જેને આપણે ભૂલી શકતા હોતા નથી. મૃત્યુથી વ્યક્તિ તો લૂપ્ત થઈ જાય છે. પંચમહાભૂત તત્ત્વોમાં ભળી જાય છે પણ એના સંસ્મરણોની અનુભૂતિને ભૂલાવી શકાતી નથી. મૃત્યુની ઘટના માણસને અંદરથી હચમચાવી નાખે છે. જીવનની ક્ષણભંગુરતાનું જ્ઞાન મૃત્યુથી જ મળે છે. મૃત્યુ ઉપર અનેક ગ્રંથો, શાસ્ત્રો લખાયા છે આમ છતાંય મૃત્યુનું સંપૂર્ણ જ્ઞાન આજસુધી કોઈને લાધ્યું નથી. આપણે સૌ જીવન તો જીવીએ છીએ પણ જીવનના અંતિમ સત્યને જાણ્યા વિનાનું. જીવન છે એનું મૃત્યુ નિશ્ચિત છે. આ વાત, સત્ય જાણતા હોવા છતાંય આપણે આપણી પ્રિય, મનગમતી વ્યક્તિની ગેરહાજરીને સ્વીકારી નથી શકતા. એનું મૃત્યુ થતા રડીએ છીએ.

હમણા હમણા મારા જીવનની આવી ત્રણ મનગમતી વ્યક્તિને મૃત્યુદેવે સન્માન આપ્યું. આ ત્રણેય શબ્દના સાધકો, મારા માદરે વતન હળવદના મારા પ્રિય કવિ મિત્ર શ્રી સોલિડ મહેતા, ગુજરાતી ગઝલનું એક આગવું નામ, નવતર પ્રયોગ અને માર્મિકતાની હળવાશ, ઊંડાણ એમની ગઝલોમાં, સ્વભાવે નમ્ર, ઉત્સાહી અને સાહિત્ય માટે ફના થઈ જવાની નેમ, દરિયાની ભરતી જેવો એમનો ઉત્સાહ, સતત ધબકતા એવા મારા ત્રીસેક વર્ષ જુના મિત્ર સૉલિડ મહેતા આજે આપણી વચ્ચે નથી એ સત્ય હું હજીયે સ્વીકારી શકતો નથી. આ સોલિડ મહેતા એટલે સૌરાષ્ટ્રની ગઝલગંગા, અક્ષરમેળ છંદોને ગઝલમાં માત્ર પ્રયોજે નહીં પણ રમાડે, અઘરા છંદો એની કવિતામાં એકદમ તરલ ભાવવાહી થઈને ઉતરે, એની વિવિધ છટાઓને ખીલવે એવી ક્ષમતા ધરાવનાર આ કવિ સાથેના મારા અનેક સંસ્મરણો અકબંધ છે. જ્યારે એમના મૃત્યુના સમાચાર સાંભળ્યા ત્યારે અનેક દિવસો સુધી ઉદાસી મારા મનમાં રહેલી. કારણ કે એમને હજીયે ઘણા કામ કરવાના બાકી હતા. ભાઈશ્રી સોલિડ મહેતાએ અનેક નવોદિત કવિઓને મંચ આપ્યો છે. એમના કાવ્યોને પુસ્તકોમાં સંગ્રહિત કરીને જાણીતા કર્યા છે. સુરેન્દ્રનગર જિલ્લાનું એક સક્ષમ નામ. ગુજરાતના શ્રેષ્ઠ ગઝલકારોમાં જેમને વિનાસંકોચે ગણી શકાય એવા આ કવિ ગુજરાતભરમાં એક જ એવા હશે કે જેમણે એક પુસ્તકના વિમોચનના કાર્યક્રમમાં ઢોલ વગડાવીને સો – સો રૂપિયાની નોટો ઉડાડી હોય. નિવૃત થયા પછી નિવૃતિની મળતી બધી જ રકમ એમણે સાહિત્યની પાછળ વાપરી છે. એવો એમનો સાહિત્યપ્રેમ. પણ આજે તેઓ સદેહે નથી. શબ્દદેહે અનેક ગ્રંથોમાં, અનેક સર્જકોના હદયમાં જીવિત જ છે.

બીજા વડિલ કવિ મિત્ર શ્રી પ્રતાપસિંહ રાઠોડ "સારસ્વત" જેમના ખેતરની બાજરીના રૉટલાની મીઠાશ આજે પણ શ્વાસમાં અનુભવાય છે. ઉત્તર ગુજરાતની એકદમ તળની લોકભાષાનો એમના ગીતોમાં થતો ઉપયોગ અદ્વિતીય, ગીતોનો લય એકદમ ચૂસ્ત, લોકબોલીનું ઊંડાણ અને માર્મિકતા એમના ગીતોનો પ્રાણ, સીતવાડા સ્થિત એમના ઘરનું નામ પણ યુનિક " તમારું સ્મરણ " એકદમ સરળ અને વિનમ્ર સ્વભાવ, સદાય હસતો ચહેરો, ક્યારેય કોઈ વિવાદ નહીં, કોઈ ફરિયાદ નહીં, ઉત્તમ કવિ હોવા છતાંય ક્યારેક કવિસંમેલનમાં મંચ ઉપર સ્થાન ના મળે તો પણ હસતા મૂખે બધા કવિઓને ધ્યાનથી સાંભળે અને પ્રોત્સાહિત કરે, એમણે ધાર્યુ હોત તો શબ્દની તાકાતથી એ ઘણું મેળવી શક્યા હોત પણ હંમેશાં આપીને ખુશ રહેનાર જ "સારસ્વત" બની શકે છે. સાહિત્યજગતમાં ચાલતી રાજનીતિથી જોજનો દૂર રહેનાર આ કવિશ્રી સૌની સાથે પ્રેમનીતિ જ અપનાવતા. ગામડાની ધરતીની માટીની મહેક એમના ગીતોમાં અને જીવનમાં અનુભવાય એવું એમનું વ્યક્તિત્વ હતું. સીતવાડાના ખેતરોમાં એમની સાથે ફર્યાનું સ્મરણ આજે પણ છે, સાથે તસવીરો લેવાનું, ગામઠી ઘરના ભોજનમાં ભળેલી સંવેદનાની મીઠાશ કંઈ રીતે ભૂલાય ? અને એમના પુત્ર બલભદ્રસિંહ સાથેની મિત્રતાની ભેટ અને સકારાત્મક વિચારધારા આ બધુ જીવનમાં ક્યારેય ભૂલી શકાય એવું નથી. ભલે મૃત્યુદેવે એમને સન્માનિત કર્યા પણ મને તો આજે પણ તેઓ એમના ઘરની ઓસરીમાં ઢાળેલા ખાટલામાં તેઓ હસતા ચહેરે બેઠેલા દેખાય છે. જ્યાં સુધી ભાષા જીવશે, શબ્દ જીવશે ત્યાં સુધી "સારસ્વત" શાશ્વત રહેશે.

અને હમણા તા. ૧૯, ડિસેમ્બરની સવારે આઠ વાગ્યે કિશોરભાઈ જીકાદરાનો ફોન આવ્યો કે એક દુઃખદ સમાચાર છે " ભરતભાઈ કવિ " હવે નથી રહ્યા.... અને હું એકદમ સન્ન રહી ગયો. જે ભરતભાઈ દર રવિવારે ગાંધીનગર સમાચારમાં છપાતો મારો લેખ ઝીણવટ પૂર્વક વાંચીને મને અચૂક મોબાઈલ કરીને મારા લેખ વિશે વાત કરે, હજી ગયા મહિને તો અમે ઉત્તરકાશી દસ દિવસ સાથે રહ્યા. એમને હાથ પકડી ફેરવ્યા, બેસાડ્યા, જમાડ્યા, ગઈકાલે જ એમને મળવા ઘેર જવાનું વિચારેલું પણ એ વિચાર જ રહી ગયો અને આજે તો.... પોતાની જાતને હંમેશાં જમીન સાથે જોડાયેલી રાખનાર આ વડિલ કવિમિત્રની ગેરહાજરી પણ સ્વીકારી શકાય એવી નથી. નિવૃત બેંક ઓફિસર, પત્રકાર અને કવિ.... આ ત્રણેય ક્ષેત્રમાં તેઓનું પ્રદાન, ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ બન્યા હોવા છતાંય કદી પદનો અહમ વ્યવહારમાં આવવા દીધો નથી. કવિ તરીકે પણ ક્યારેય પોતાની કવિતાઓનો હૂંકાર નથી ભણ્યો. સતત પ્રવૃતિશીલ હોવાને કારણે તેઓ છેક સુધી સ્વસ્થ રહ્યા એ જ મોટું સુખ. આવા સહૃદયી સર્જકનું દેહાવસાન થાય પણ અન્યના હદયમાં તો તેઓ હંમેશાં જીવતા જ હોય છે.

શબ્દની સંગાથે જીવન જીવનાર આ ત્રણેય મારા પ્રિય મિત્રો છે. દરેકની પાસે કોઈ ને કોઈ વિશેષતા હતી. શબ્દ, સ્વભાવ અને સંસ્કારના આ ત્રણેય પ્રતિનિધિ કવિઓ હતા. આ ત્રણેય જેમના પણ સંપર્કમાં આવ્યા હશે એ સૌ એમને ક્યારેય ભૂલી શકે નહીં. કેમ કે એ સૌને ચાહનારા હતા. સૌનું સન્માન કરનારા હતા. આ ત્રણેય મિત્રો પાસેથી હું ઘણુંય શીખ્યો છું. મારા જીવનમાં એમનું સ્થાન હંમેશાં રહેશે. એમના દેહનો વિલય ચોક્કસ થયો છે પણ શબ્દ થકી તેઓ સદીઓ સુધી ચિરંજીવ રહેશે.

એક દિવસ આપણે પણ આ સત્યની સંગાથે સાથરો તાણવાનો છે. દરેક જીવના જીવનની ક્ષણો, જીવન જીવવાનો સમય નિશ્ચિત છે. એમાં એક પણ ક્ષણ વધતી નથી કે ઘટતી નથી. પરંતુ આપને મથ્યા કરીએ છીએ. કંઈક ને કંઈક પ્રાપ્ત કરવા, મેળવવા... યેન કેન પ્રકારે. આમ જોઈએ તો આપણા જીવનનો ભરોશો શું ? એની નથી કોઈ વેલિડીટી કે નથી કોઈ ગેરંટી. એ ગમે ત્યારે મૃત થઈ શકે છે. આમ છતાંય માણસ ઝઝૂમતો રહે છે. ક્યારેક આવી મૃત્યુની ઘટનાથી સંસાર પ્રત્યે વૈરાગ્ય આવી જાય તો સમજવું કે જીવનની સમજણ વિકસી રહી છે, જીવનનો શો ઉદ્દેશ્ય છે ? જીવનની ફળશ્રુતિ શું ? વધુ ને વધુ મેળવી લેવાના ધમપછાડા શા માટે ? કોઈની આગળ નીકળી જવાના, કોઈને પછાડી દેવાના, ડરાવી દેવાના પ્રયત્નો શા માટે ? એક જ જીવન મળ્યું છે તો કોઈને નફરત શા માટે ? ધૃણા શા માટે ? મૃત્યુ તો બધાને પ્રેમ કરવાનું શીખવે છે. પણ આ સત્ય આપણને સમજાતું નથી. મૃત્યુને ઉંમર સાથે કોઈ લેવા દેવા નથી. એ કોઈપણને ક્યારેય પણ આવી શકે છે. તો શા માટે દરેક ક્ષણે, દરેક સમયે સૌને પ્રેમ ના કરીએ ? દરેકને સન્માન આપવાથી, સદભાવ આપવાથી, પ્રેમ આપવાથી તે જ બધું પ્રકૃતિ આપણને કોઈ ને કોઈ સ્વરૂપે પાછું આપવાની જ છે. જીવનનો સાચો ધર્મ જ પ્રેમ છે સદભાવ છે. અને મૃત્યુ એ પ્રેમ અને સદભાવનો અંતિમ ઉત્સવ છે. આવો, આપણે સૌ સાથે મળીને આ મૃત્યુના મહા ઉત્સવને ઉજવીએ, એનું સન્માન કરીએ.

- 9426060601.india@gmail.com

# CAAનો વિરોધ : ભ્રમ...ભય... અફવા... અને હિંસા..!!!



### રજળપાટ

અજય ઉપાધ્યાય

ગુરુવારે મુંબઈના ઓગષ્ટ ક્રાંતિ મેદાનમાં લોકસભા અને રાજ્યસભામાં બહુમતીથી પસાર થઈને કાયદામાં પરિવર્તિત થયેલા નાગરિકતા સુધારણા કાયદા (સીએએ)નો વિરોધ કરવા પ્રદર્શન થઈ રહ્યું હતું તેમાં ભાગ લેવા પહોચેલ એકટર ફરહાન અખ્તરને ટીવી પત્રકારે પૂછ્યું કે 'તમારું શું માનવું છે આ બીલ વિષે ?' ફરહાન ઉવાચ 'મને કાઈ ખાસ ખબર નથી પણ આટલો બધો વિરોધ છે તો કૈક તો ખોટું હશે જ'...સેમ સવાલ બોલીવુડ નિર્માતા - નિર્દેશક રાકેશ ઓમપ્રકાશ મહેરા ને અને જવાબ પણ સેમ જ કે ' મેં બહુ અભ્યાસ નથી કર્યો કે છે શું ?'...કટ ટુ જામિયા મિલિયામાં પ્રદર્શન કરતા લોકો કે સલેમપુરમાં કે દિલ્હીમાં એકઠા થયેલા પ્રદર્શનકારીઓને આ જ સવાલ પૂછતાં ટીવી પત્રકારો....અને જવાબો...' અમને ખબર નથી..અમને તો દેખાવ કરવા લઈ આવ્યા છે '....' અમે તો રાહુલની સુરક્ષા હટાવવા મામલે ભેગા થયા છીએ ' કે ' આમાં મુસલમાનોને અન્યાય થાય છે '...જેવા અવનવા જવાબો મળ્યા....ઈનશોર્ટ અધુરી માહિતીઓ......અજ્ઞાન અને અફવાનું બજાર ગરમ છે. જો એકટરો જેવા કહેવાતા બુદ્ધિશાળી લોકોને જ ખરેખર છે શું એ નાં ખબર હોય તો પછી એકઠી કરેલી ભીડને તો આનો સાચો ખ્યાલ ક્યાંથી હોઈ શકે...?

અને આ ઉપર લખ્યું એ કોઈ મનઘડત વાત છે જ નહિ...આના પુરાવારૂપે ચેનલોએ વિડિયોઝ બતાવેલા છે જ અને વોટ્સઅપોમાં પણ ફરે જ છે. સવાલ એ નથી કે કોને કેટલી ખબર છે પણ સવાલ અને અતિગંભીર સવાલ એ છે કે કહેવાતા નેતાઓ કે લીડરોએ કોઈ પણ વાતનો વિરોધ કરતા પહેલા એ શેનો વિરોધ કરે છે અને વિરોધ કેટલો વ્યાજબી છે એ પહેલા પોતે સમજવું પડે અને પછી જેને તેઓ લીડ કરી રહ્યા છે કે સપોર્ટ કરી રહ્યા છે તે લોકોને સમજાવવું પડે...! કહેવું છે શાંતિપૂર્ણ વિરોધ તો પછી અશાંતિ કેમ ? તોફાનો કેમ ? હિંસા કેમ ? પણ ના વિરોધ કરવો એટલે કરવો જ...અને એમાં પણ કાઈ ખોટું નથી કેમકે લોકશાહી દેશમાં દરેકને વિરોધનો અધિકાર આપવામાં આવ્યો છે પણ સમજવા જેવી વાત એ છે કે જ્યારે કોઈ વાતનો વિરોધ વગર સમજ્યે કરવામાં આવે ત્યારે એનું પરિણામ ભયંકર જ આવે. નાગરિકતા સુધારણા કાયદા (સીએએ) નો જામિયા મિલિયા થી અમદાવાદ અને દેશના ઘણા શહેરોમાં થયેલો વિરોધ આ વાતનો પુરાવો છે કે લીડરનું કામ સાચી સમજ આપવાનું હોય છે નહિ કે ભ્રામક વાતો ફેલાવવાનું....!!!

ખેર એ વાત પર પછી આવીશું પણ પહેલા તો દેશભરની ચેનલોમાં નાગરિકતા સુધારણા કાયદા (સીએએ) ની સાચી સમજણ અપાતી હોવા છતાં દેશમાં વિરોધ પ્રદર્શનના નામે ફાટી નીકળેલા તોફાનો પાછળ જેટલો હાથ તોફાની તત્વોનો છે એટલો જ વાંક સરકારનો પણ એટલા માટે છે કે લોકોના મનમાં જો કોઈ પણ પ્રકારની બીક કે ડર કોઈ કાયદા વિષે પેસી ગયો હોય તો એ ડર કે બીકને કાઢવા માટેની સાચી સમજણ અને માહિતી દેશના નાગરિકોને પહોચાડવાની સરકારની ફરજ છે અને તોફાનો કે વિરોધ પ્રદર્શનના આજે અંદાજે એકાદ અઠવાડિયા પછી પણ સખેદ નોંધવું પડે કે સરકાર અને સરકારના પ્રતિનિધિઓ આ બાબતે ઉણા ઉતર્યા છે. દેશના બન્ને સભાગૃહોમાં બેસેલા લોકો જનતાના પ્રતિનિધિ જ છે અને એ બંને ગૃહોમાં જ્યારે નાગરિકતા સુધારણા કાયદા (સીએએ) બહુમતીથી પસાર થયો હોય ત્યારે સરકારની ફરજ બને છે કે એની સાચી સમજ દેશના દરેક નાગરીકને પહોચે કે જેથી અફવાનું બજાર ગરમ રહે જ નહિ.

નાગરિકતા સુધારણા કાયદા (સીએએ) શું છે અને એનાથી દેશના કોઈ પણ નાગરીકને કોઈ પણ પ્રકારનું નુકશાન થતું નથી જ એવી ચર્ચાઓ અને માહિતીઓ ઓલરેડી વારંવાર કહેવાઈ રહી છે અને આ લખાય છે ત્યારે સરકાર એમાં કોઈ પ્રકારની ત્રુટી કે એનાથી કોઈને અસલામતીની લાગણી અનુભવાતી હોય તો એનું નિરાકરણ કરવા તૈયાર છે એવી જાહેરાત પણ થઈ ચુકી છે એટલે એ વિષે વધુ લખવાનું ટાળીને વાત કરીએ મુખ્ય અને ગંભીર એવા વિરોધ કરવાના તરીકાઓ વિષે..!!! જામિયા મીલીયામાં થયેલા વિરોધ વખતે દેશે ખોફનાક દ્રશ્યો જોયા તો અમદાવાદમાં નીશ્ત્ર પોલીસ પર ક્રુરતાથી પથ્થરો વરસાવતા અસામાજિક તત્વો પણ જોયા. બંને દ્રશ્યો ભારત જેવા લોકશાહી દેશ માટે ખતરાની ઘંટી છે. લગભગ વીસેક વર્ષથી શાંત અમદાવાદમાં બનેલો આ બનાવ દરેક ગુજરાતી માટે શરમજનક છે જ. જો કે તપાસમાં નીકળેલા નિષ્કર્ષ મુજબ ગુજરાતની શાંતિ ડહોળવાનું આ એક કાવતરું હતું એ સાબિત થતું જાય છે પણ ફરી સવાલ એજ આવે છે કે આ તે કેવો વિરોધ ? તમારી રક્ષા કરવા રાત-દિવસ જોયા વગર કામ કરતી પોલીસ પર આવો હુમલો કરવાનું કારણ શું ? એ તો સલામ છે અમદાવાદ પોલીસને કે સંયમ રાખ્યો નહિતર વાત વણસી શકે એમ પણ હતી જ.

દેશમાં ઘુસણખોરોની સમસ્યા દિવસે ને દિવસે વધી રહી છે અને ખાસ કરીને પૂર્વોતર રાજ્યોમાં આ અતિગંભીર છે. રાજકીય રોટલા શેકવાવાળાઓ આનો લાભ ઉઠાવવા તત્પર રહેવાના જ પણ વી ધ પીપળે વિચારવું પડે કે કોઈ એનો અંગત લાભ ના ઉઠાવી જાય. મુસ્લિમોને એમ લાગે છે કે આ કાયદો એમની વિરુદ્ધ છે..બરાબર છે આવું લાગવું કે એ વિષે ચિંતા કરવી એમનો હક છે પણ વિરોધના નામે જે થઈ રહ્યું છે એ કોઈ કાળે માફ કરવા ;લાયક નથી જ. ટીવી કેમેરા જ્યારે આવા પ્રદર્શનકારીઓને પૂછે છે કે આના વિષે તમે શું જાણો છો ? તો જવાબ એક જ આવે છે કે અમને નુકશાન છે....અમને હાંકી કાઢશે...અમને અન્યાય થાય છે..' પણ હકીકત એ છે કે હજુ આવો કોઈ કાયદો બન્યો પણ નથી અને નાગરિકતા સુધારણા કાયદો (સીએએ) સ્પષ્ટપણે નાગરિકતા આપવા માટેનો છે કોઈની નાગરિકતા લેવા માટે નથી જ અને આ વાત બન્ને સદનોના રેકોર્ડ પર છે. પણ ખબર નહિ કેમ પણ કહેવાતા લીડરો ધરાહાર હજુ જે વસ્તુ અમલમાં નથી આવી એનો ખોફ બતાવીને લોકોની ભાવનાઓ સાથે રમી રહ્યા છે.

આગમાં પેટ્રોલ નાખવાનું કામ બાકી હતું તો ફેક ન્યુઝ અને વોટ્સઅપ યુનીવર્સીટીમાં વહેચાતા જ્ઞાને કર્યું. ઉશ્કેરણીજનક ફોટાઓ. વિડિયોઝ અને ગુમરાહ કરતા સ્ટેટમેન્ટસને લીધે લોકોએ વધુ વિચાર્યા વગર કુદી પડવાનું ચાલુ રાખ્યું. અહી વાત સરકાર સાચી છે કે નહિ એની નથી કે અહી વાત એ પણ નથી કે સરકારના કોઈ કાયદાથી મુસ્લિમ કે બીજા કોઈને નુકશાન થઈ રહ્યું છે પણ અહી મૂળ મુદ્દો એ છે કે આ તે કેવો વિરોધ ? ભારતની શાન એની એકતામાં છે અને આવા પ્રદર્શનો અગાઉ પણ દેશે જોયેલા છે પણ મુદ્દાનો ઉકેલ લાવવાને બદલે રોજ ઉઠીને મોટી રેલીઓ કાઢવી કે પ્રદર્શનો કરીને શહેરોને બાનમાં લેવા... કાયદો વ્યવસ્થાની ગંભીર સ્થિતિ ઉભી થાય એવું વાતાવરણ ઉભું કરવું, દેશની સંપતિને નુકશાન પહોચાડવું એ કયાનો વિરોધ ? નાગરિકતા સુધારણા કાયદા (સીએએ) ને સંભવિત એનઆરસી સાથે જોડીને જોવામાં આવે છે એ પણ અત્યારે ભેસ ભાગોળે અને છાસ છાગોળે જેવું છે એટલે વિરોધ કરવો નાગરિકોનો હક્ક છે પણ વિરોધના ઓઠા નીચે દેશને નુકશાન...દેશના સામજિક ઢાંચાને નુકશાન અને કાયદો-વ્યવસ્થાને ચેલેન્જ આપવાનું ચલાવી લેવાય નહિ. વિરોધ કરવાનો હક્ક છે પણ ઉપરની બાબતો એક નાગરિક તરીકે ધ્યાનમાં લેવી જ રહી.